# સૂરજ, માણસ અને વૃક્ષો



એક ગામ હતું. ગામના લોકો શાંતિથી રહેતા હતા. પશુ-પંખી, જીવજંતુ, વૃક્ષો સૌ હળી-મળીને રહેતાં હતા. સમય જતાં ગામમાં પરિવર્તન આવ્યું. લોકો આધુનિકરણ તરફ વળ્યા. ગામમાં વૃક્ષો કપાતાં મોટા રસ્તા બન્યા. જરૂરિયાતો વધે એટલે આડેધડ ફર્નિચર લાકડા માટે વૃક્ષો કાપ્યા કર્યાં. ગામમાં વેપાર વધે એટલે વાહનો વધે. તેના લીધે પેટ્રોલના ધુમાડા વધે તેથી ગામમાં ચારેબાજુ ગરમી વધી પ્રદુષણ વધ્યું, વરસાદ ઓછો થયો. તેથી સૂર્યદેવ નારાજ થયા. આ ગામમાં લોકો મને પૂજતા. હું આથમી જાઉં તો કામ કરવાનું બંધ કરતાં, વૃક્ષો વાવતા જેથી મારા શરીરને ઠંડક મળતી. પરંતુ હવે મારૂ શરીર બળે છે. આ ધુમાડાથી મારો જીવ ગભરાય છે. મારે તો હવે મારા મામાના ઘરે ચાલ્યા જાવું છે. હવે હું આ ગામ માટે કદી આવીશ નહીં. એમ વિચારીને તો સૂર્ય ચાલ્યો ગયો મામાના ઘરે.

બીજા દિવસે સૂર્ય ઊગ્યો નહીં, અજવાળું થયું નહીં. તાપ આવ્યો નહીં. તાપ ન આવે તો પૃથ્વી ઠંડી પડી જાય જીવ-જંતુ બિચારા મરી જાય, અનાજ ન ઊગે. વૃક્ષો ફુલે-ફાલે નહીં. બધા સજીવો મુંઝાયા. સૌ ગામલોકો પશુ-પંખીઓ, જીવજંતુ, વૃક્ષો ભેગા મળ્યા. હવે શું કરવું? સૂર્યદેવ નારાજ થાય તે કેમ ચાલે. મનાવવા કેમ તેના વિચારો કરવા લાગ્યા. એવામાં કુકડો બોલ્યો હું રોજ સવારે વહેલો ઉઠું છું. સૂર્ય ન હોય તો વૃક્ષો ન ઊગે અને સર્વ સજીવો મરી જાય. વળી વરસાદ પણ ન આવે. સૂર્યદેવને લાવવા અને સાદ પાડવાનું કામ કરીશ. એવામાં બતક આવ્યું કહે કે, “તને તરતા નથી આવડતું. તો જઈશ કેમ?” કુકડો કહે,

"શું કરવું ?" બતક કહે "મારી પીઠ પર બેસી જા હું લઈ જઈશ. " ચાલો ત્યારે એમ કરતાં કુકડાભાઈ બતકની પીઠ ઉપર બેસી દરીયાપાર સૂર્યના મામાના ઘરે જવા નીકળ્યા. બીજા દિવસે પહોંચ્યાં. ત્યાં જઈને જોયું તો રીસાયેલા સૂર્યદેવ આરામ કરે ને કુકડાભાઈ કે બતકબેનની વાત માને નહીં. સૂર્ય કહે "ના મારે નથી આવવું. તમે બધા ભેગા મળીને હવાને દુષિત કરી છે. તેથી મને શ્વાસ લેતાં જીવ મુંઝાય છે. તમે વૃક્ષો કાપો છો. તેથી ગરમી વધી છે. મારા શરીરને આગ લાગે છે. મારાથી સહન થતું નથી. હવે હું કદી નહીં આવું. મારે તો મામાને ઘરે ખાઈ-પીને મજા કરવી છે. " કુકડાભાઈ બોલ્યા, 'અમારી ભુલ થઈ ગઈ સૂર્યદેવ હવે અમે લોકોને કહીશું નવાં વૃક્ષો વાવો, વાતાવરણ શુધ્ધ રાખો. ' તો પણ સૂર્યદેવ નારાજ. સૂર્યદેવ બોલ્યા, "પહેલા લોકો મારી સાથે વહેલા ઊઠતાં મારી પૂજા કરતા હવે તો હું આવું, બધા ક્યારે ઊઠે તેની રાહ જોવી પડે હું તો એકલો ને એકલો. તમે જાવ હું નહીં આવું. હવે કુકડાભાઈ અને બતકબેન શું કરે? સૂર્યદેવ આવે નહીં તો કેમ ચાલે ? કુકડાભાઈએ કહ્યું, "સૂર્યદેવ તમારા બધાં વચનો અમે પાળીશું પરંતુ તમારે અમારી સાથે આવવું પડશે. તમને લીધા વિના અમે નહીં જઈએ." ત્યારે સૂર્યદેવ બોલ્યા, "તારે મને રોજ જગાડવાનો, રોજ મારી પૂજા કરવાની અને લોકો મારું ધ્યાન રાખે તો હું આવું. " કુકડાભાઈએ કબૂલ કર્યું. "હા હું તમારા પહેલા જઈશ તમને સાદ પાડીશ. તમારી પૂજા કરીશ ? વચન આપું છું. " બતકબેન પણ બોલ્યાં, "હું પણ સવારે નદી-તળાવના પાણી જગાડીશ. તમારું સ્વાગત કરીશ." હવે સૂર્યદેવ ખુશ ખુશ થઈ ગયા. ચાલો ત્યારે.

આમ સૂર્યદેવ પાછા આવ્યા. રોજ સમયસર ઉઠીને આવે, આખો દિવસ લોકોને તાપ આપે, અનાજ, વૃક્ષો ઉગાડે જીવજંતુઓ, પશુ-પંખીઓ, વૃક્ષો, માણસો બધા સારૂ કરે છે. પરંતુ કુકડાભાઈ તો કુકડાભાઈ વચને પાકા. ત્યારથી રોજ સૂર્ય ઊગે તે પહેલા ઊઠીને પૂર્વ દિશા તરફ જોઈ સૂર્યદેવને જગાડે. સવાર પડી કૂકડે કુક.. બતકબેન પાણીમાં ડોલવા લાગે. નદી-તળાવના પાણી મીઠાં ગીતો ગાય ને સૂર્યદેવ આવે. મિત્રો સૂર્ય વિના સૃષ્ટિ કેમ ચાલે ? આપણે પણ સૂર્યનું રક્ષણ કરવું જોઈએ. ચાલો સૌ મળી વૃક્ષો વાવીએ, વહેલા ઊઠીએ સૂર્યદેવની પૂજા કરીએ.

**સંકલન : બિપિન સથવારા**